ગાંધીનગર સમાચાર

ઈ.હરાજીમાં સરકારને ૬૦ કરોડની આવક થશે

# જિલ્લામાં વૃક્ષો ધરાશાયી થતાં વાહન વ્યવહાર ખોરવાયો

## ત્રણ દિવસની હેલી બાદ ચોથા દિવસની પરોઢે ૩૫ થી ૪૫ કિ.મી.ની ઝડપે ફુંકાયેલા પવને વૃક્ષો ઉખાડી ફેંક્યા : માણસામાં ત્રણ દિવાલ ધસી પડતાં ત્રણ પશુના મોત : કલોલમાં કાંઠા ગામે યુવાનનું કરંટ લાગવાથી મોત : ૪૦થી વધુ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો : દિવસ દરમ્યાન વધુ ત્રણ ઇંચ વરસાદ

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ચાલી રહેલી વરસાદની હેલી આજે ચોથા દિવસની પરોઢ વિનાશક બની હતી. ૩૫ થી ૪૫ કિ.મી.ની ઝડપે ફુંકાયેલા પવનને કારણે જિલ્લાના અર્ધો ડઝન જેટલા ગ્રામ્ય રસ્તાઓ પરનો વાહન વ્યવહાર ખોરવાઈ જવા પામ્યો હતો.





જિલ્લામાં ફુંકાયેલા તીવ્ર ગતિના પવનને કારણે સેંકડો વૃક્ષો ધરાશયી થયા હતા તેમજ આજે દિવસ દરમ્યાન વહેલી પરોઢે તોફાની વરસાદને લઈ સૌના જીવ તાળવે ચોંટી ગયા હતા. કલોલ તાલુકાના કાંઠા ગામે એક યુવાનનું વીજ કરંટને કારણે મૃત્યુ નીપજ્યું હતુ. તો માણસામાં ત્રણ મકાનોની દિવાલો ધસી પડતાં ત્રણ પશુઓના મોત નીપજ્યા હતા. તો દહેગામમાં ખજૂરી તળાવ અને ડોગલ તલાવડી વિસ્તારમાંથી ૧૫૦ લોકોનું સ્થળાંતર તંત્ર દ્વારા કરાવાયુ હતુ.

તીવ્ર ગતિથી ફુંકાયેલા પવનને કારણે રૂપાલ-રાંધેજા માર્ગ, ગાંધીનગર-કોલવડા માર્ગ, કોલવડા-કલોલ માર્ગ તેમજ શિહોલી મોટી-દશેલા માર્ગ સહિત દહેગામ પંથકમાં પણ ગ્રામ્ય માર્ગો બંધ થયા હતા.

રસ્તા પર પડેલા વૃક્ષોને હટાવવા માટે વન વિભાગ, પી.ડબલ્યુ.ડી. અને મહાનગરપાલિકાની ૧૫ થી વધુ ટીમોને કામે લગાડવામાં આવી હતી.

જિલ્લામાં આજે ચોથા દિવસે પણ દિવસ દરમ્યાન સરેરાશ ત્રણ ઈંચ જેટલો વરસાદ ચારેય તાલુકામાં નોંધાયો હતો. જિલ્લામાં સિઝનનો કુલ વરસાદ ૫૦ ટકા જેટલો થઈ જવા પામ્યો છે. આજે સવારે ૮ વાગ્યા સુધીમાં જ જિલ્લાનો સરેરાશ વરસાદ ૪૫ ટકા કરતાં વધુ હતો.

આજે ડિઝાસ્ટર કંટ્રોલરૂમને ૫૦ થી વધુ ફરિયાદો ચારેય

● અનુસંધાન પાન-૭ પર

## ધરોઈમાં વધી રહેલી જળ સપાટી

ગાંધીનગર, તા. ૨૮

સાબરમતી નદી પર બાંધવામાં આવેલ ધરોઈ ડેમની જળ સપાટી રાત્રે ૮.૪૦ કલાકે ૬૧૧ ફૂટ પર પહોંચી ગઈ હતી. આ ડેમની ભયજનક સપાટી ૬૨૦ ફૂટ છે. મળતી વિગતો પ્રમાણે આ લખાઈ રહ્યું છે ત્યારે ડેમમાં પાણીની આવક ૧,૫૯,૦૦૦ ક્યુસેક હતી. જે સાંજે સાત વાગ્યાના સુમારે ૧,૫૩,૦૦૦ ક્યુસેક હતી. પાણીની આવકમાં સતત થઈ રહેલી વધ-ઘટને પગલે ડેમના સત્તાવાળાઓ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી સતત ભારે વરસાદને પગલે ડેમમાં પાણીની આવકમાં વધ-ઘટ રહ્યા કરે છે. તેમ આ સૂત્રોએ જણાવ્યું છે.

## જિલ્લાના ૨૧ ગામોમાં ભારે વરસાદને પગલે અંધારપટની સ્થિતિ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લામાંથી રહેલા વરસાદને પગલે ૨૧ ગામોમાં અંધારપટની સ્થિતિ છે જયારે માણસા અને કલોલ તાલુકામાં મોડી રાત્રે વીજ પુરવઠો પુનઃ કાર્યરત થઈ જશે તેમ જાણવા મળેલ છે.

મળતા અહેવાલો પ્રમાણે દહેગામના ૮ અને ગાંધીનગરના ૧૩ ગામોમાં કાલે બપોર પછીથી વીજ પુરવઠો પુનઃ કાર્યરત થઈ શકશે. જયારે કલોલ માણસાના ૭૦થી વધુ ગામોમાં મોડી રાત્રે વીજ પુરવઠો પુનઃ કાર્યરત થાય તેવા નિર્દેશો મળી રહ્યા છે.



## કલોલમાં પાણીના નિકાલ માટે પાંચ ડી-વોટરીંગ પંપ કામે લગાડાયા

ગાંધીનગર, તા.૨૮

જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી સતત અનરાધાર મેઘ મ્હેરને પગલે જિલ્લાને ભારે મોટું આર્થિક નુકશાન થવા પામ્યું છે.

**નાસ્મેદ-આમજા-માણસામાં ૧૦ જેટલા કાચા મકાનો ધરાશયી થયા : માણસામાં ૪૦નું સ્થળાંતર**

મળતા અહેવાલો પ્રમાણે કલોલ તાલુકામાં જ ૨૦૦ જેટલા વીજ થાંભલા ધરાશયી થવા ઉપરાંત નાસ્મેદ ગામમાં ત્રણ જેટલા કાચા મકાનો પડી જવા પામ્યા છે.

કલોલ શહેર નજીકની જીઆઈડીસી વસાહતમાં વરસાદી પાણી ફરી વળતાં પાણીના નિકાલ માટે પાંચ જેટલા ડી વોટરીંગ પંપ કામ લગાડવામાં આવ્યા છે.

મોડી સાંજે મળેલા અહેવાલ પ્રમાણે આમજામાં પણ એક મકાનની દિવાલ પડી જવા પામી છે.

માણસા તાલુકામાં પણ સાત જેટલા કાચા મકાનો પડી જવા પામ્યા છે તેમજ આંબા તળાવ વિસ્તારના ૪૦ જેટલા રહીશોને કામચલાઉ સ્થળાંતર કરવાની તંત્રને ફરજ પડી છે.

માણસા તાલુકામાં પણ વૃક્ષો પડી જવાની તેમજ લાઈટોના થાંભલા પડી જવાની ઘટનાઓ મોટી સંખ્યામાં બની છે.

યુજીવીસીએલ દ્વારા નુકશાની અંગે સંપૂર્ણ મૌન સેવવામાં આવી રહ્યું છે. દહેગામમાં પણ ખજૂર તળાવ અને ડોંગલ તળાવડી વિસ્તારમાંથી વધુ ૧૫૦ માણસોનું સ્થળાંતર કરવાની ફરજ પડી છે.

# ઈ.હરાજીમાં સરકારને ૬૦ કરોડની આવક થશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના ૬૬ પ્લોટની આજે યોજાયેલી ઈ. હરાજીમાંથી ૩૩ જેટલા પ્લોટમાં કોઈ બીડર ના મળતાં તે હરાજી રદ કરવામાં આવી છે, જ્યારે એક પ્લોટમાં એક જ બીડર હોવાથી તેની હરાજી પણ રદ કરવામાં આવી છે.

આજે યોજાયેલ ૩૩ પ્લોટોની હરાજીમાંથી સરકારને ૬૦ કરોડથી પણ વધુ આવકના અંદાજો રાખવામાં આવ્યા છે.

આજની હરાજીમાં વધુ સારા ભાવ મળવાની સરકારની આશા સફળ પુરવાર થઈ છે. સે. ૬ના ડૉક્ટર હાઉસ માટે શરતમાં કરાયેલ સુધારા પછી તળિયાની કિંમત કરતાં લગભગ બમણા ભાવ સરકારને હરાજીમાં મળવા પામ્યા છે.

## ૩૩ પ્લોટની હરાજી માટે કોઈ બિડર ન હોવાથી તે રદ કરાઈ તો ૧ પ્લોટમાં એક જ બિડર હોવાથી તે પણ રદ કરાઈ

સે. ૧૧ના વાણિજ્ય વિસ્તારના પ્લોટમાં પણ સરકારને આવકના અંદાજ કરતાં વધુ ભાવ મળ્યા છે અને લગભગ ૧.૧૦ લાખની બોલી બોલાવા પામી છે. આ સેકટરમાં વાણિજ્ય વિસ્તારના એક હજાર ચો.મી.ના બે પ્લોટ હતા.

સે. ૨૩ના ડૉક્ટર હાઉસની હરાજીમાં થોડોક મોળો પ્રતિસાદ સાંપડ્યો હોવાનું જાણવા મળેલ છે.

સે. ૬ની કોર્પોરેટ હોસ્પિટલના પ્લોટ માટે એક પણ બિડર ન હોવાથી આ પ્લોટની હરાજી રદ થઈ છે. તો સે. ૬ના જે વાણિજ્ય પ્લોટોની હરાજી રદ થઈ હતી તેના ભાવ ઘણા સારા મળ્યા હોવાનું જણાવતાં સૂત્રોએ કહ્યું છે કે ૧.૮૦ લાખથી વધુ ભાવ મળ્યા છે.

આજની હરાજીમાંથી ૫૦ ટકા પ્લોટની હરાજી રદ કરાયા પછી પણ ૩૩ પ્લોટમાંથી ૬૦ કરોડથી વધુ રકમ ઉપજી છે. તંત્ર આ વખતની હરાજીમાં ગુપ્તતા જાળવવામાં સફળ રહ્યું છે. હરાજી સાંજે સાત વાગે સંપન્ન થઈ હતી.

## શહેરમાં ક્યાં-ક્યાં વૃક્ષો ધરાશાયી થયા

- ગ માર્ગ પર સે-૫ પાસે તોતિંગ વૃક્ષ ધરાશાયી થતા રસ્તો બ્લોક થયો.
- સે-૬ના આંતરિક માર્ગ પર વૃક્ષો પડતા રસ્તો બંધ
- સિવિલ કેમ્પસમાં પણ વૃક્ષ ધરાશાયી થયુ
- ઘ-૪ વિશાળ સર્કલમાં વૃક્ષ તુટી પડતા સર્કલની રેલીંગ પણ તુટી
- વન વિભાગની કચેરી પાસે ઘ માર્ગ પર વૃક્ષ તુટયુ
- ફાયરબિગ્રેડ સ્વર્ણિમ પાક
- જીવરાજ મહેતા ભવનની સામે વૃક્ષ પડતા એમ એલ એ કવાટર્સની કમ્પાઉન્ડ વોલ તુટી
- મીના બજાર પાસે વૃક્ષ પડયુ પણ સરકારી ગાડી બચતા ડ્રાઈવરને હાંશકારો
- સે-૧૭-૨૨ પાસે ફેમિલી કોર્ટના જજની કાર પર વૃક્ષ ધરાશાયી થયુ
- સે-૨૩ ગુરુકુલ સ્કુલની પાછળ વૃક્ષ ધરાશાયી થતા બિલ્ડીંગને અંશતઃ નુકશાન
- માધ્યમિક શિક્ષણ બોર્ડના ગેટ પાસે વૃક્ષ ધરાશાયી થતા કચેરીના સંકુલમાં જવાનો રસ્તો બંધ કર્મચારીઓ અડધો કલાક ગેટ પાસે ઉભા રહયા.
- વિશ્રામ ગૃહના દરવાજા પાસે ઝાડ પડતા એન્ટ્રી બંધ થઈ.
- કોર્પોરેટર પ્રવિણ પટેલના ઘરે સે-૨૨ માં પણ વૃક્ષ ધરાશાયી થયુ.
- સે-૪ ડીમાં નિવૃત સનદી અધિકારી ભાગ્યેશ જહાના ઘર પાસે વૃક્ષ તેમજ વિજ થાંભલો જમીનદોસ્ત થયા.
- કોબા- ગાંધીનગર માર્ગ પર સેંકડો વૃક્ષો પડી જતા માર્ગની સાઈડમાં લગાવેલી રેલીંગ પણ તુટી.



● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર ગુજરાતમાં રાહતકાર્ય તાકિદે શરૂ કરવા ગાંધીનગરમાં ઉચ્ચકક્ષાની બેઠક

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજયમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિ અને જનજીવન પર અસર અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજી સ્થિતી પૂર્વવત કરવા તાકિદના પગલાં અંગે માર્ગદર્શન આપ્યું હતું. આનંદીબેને ઉત્તર ગુજરાતનાં બનાસકાંઠા, પાટણ અને કચ્છમાં જે ભારે વરસાદની સ્થિતી ઉભી થઈ છે તેને પહોંચી વળવા તેમજ વીજળી, પાણી, આરોગ્ય, માર્ગોની દુરસ્તી, મૃત પશુઓના નિકાલ જેવી જાહેર સુખાકારીની બાબતો અગ્રતાએ પૂર્વવત બનાવવા સંબંધિત જિલ્લાઓમાં તાત્કાલિક અસરથી મોકલવા-ડેપ્યુટ કરવાના આદેશો આપ્યા હતા. તેમણે આ અસરગ્રસ્ત જિલ્લાઓની શાળાઓ તથા આંગણવાડી કેન્દ્રો પ્રવર્તમાન પરિસ્થિતીને અનુલક્ષીને આગામી બે-ત્રણ દિવસ બંધ રાખવા સૂચનાઓ પણ આપી હતી. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોમાં માનવમૃત્યુના કિસ્સામાં રાજય સરકારની ૪ લાખની સહાય ત્વરાએ ચૂકવાઈ જાય તેમજ ઘરવખરી સહાય, કેશડોલ્સ, પશુમૃત્યુ સહાય વગેરે માટે જિલ્લા કલેકટરોને આગોતરી સહાય ગ્રાન્ટ ફાળવી દેવાની સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીએ સાર્વત્રિક વરસાદની સ્થિતીનું સર્વગ્રાહી આકલન કરતાં કહ્યું કે, જે ૨૯૨૯ ગામોમાં વીજ પૂરવઠાને અસર પહોંચી છે તેમજ ૨૦ સબ સ્ટેશનોમાં પાણી ભરાવાને કારણે વીજ પુરવઠો ખોરવાયો છે. ત્યાં યુધ્ધના ધોરણે વિદ્યુત પરિસ્થિતી પૂર્વવત કરવા વધારાને મેન પાવર ઉપયોગમાં લે.



તેમણે પીવાના પાણી તથા આવશ્યક સેવાઓ-પોલીસ, એમ્બ્યુલન્સ-ફાયર બ્રિગેડ વગેરેનો વીજ પુરવઠો પૂન-પ્રસ્થાપિત કરવાના કામોને અગ્રતા આપવા તાકિદ કરી હતી. આનંદીબેન સમક્ષ સંબંધિત વિભાગોના વરિષ્ઠ

● અનુસંધાન પાન-૭ પર

## શહેરના મહિલા અગ્રણી પરમજીત છાબડા અલ્પ સંખ્યક બોર્ડમાં ડિરેક્ટર પદે નિમાયા

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમના ડિરેક્ટર પદે શહેર ભાજપના મહિલા અગ્રણી પરમજીત એન. છાબડાની નિમણુંક રાજ્ય સરકારે કરી છે.



ગાંધીનગર શહેર ભાજપના મહિલા અગ્રણીની આ નિમણુંકથી શહેર એકમમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. છાબડા ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી પણ લડ્યા હતા. તેઓ શહેર સંગઠ્ઠનમાં છેલ્લા ઘણા સમયથી સક્રિય છે.

ઈ. ટીવીના રસોઈ શૉ માં વિનર થયેલા છાબડાને આજે ઘણા બધા કાર્યકરો અને હોદ્દેદારોએ અભિનંદન આપી અને નવી નિમણુંક અંગે શુભેચ્છાઓ આપી હતી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010. Tel.: +91-79-66701001
Fax: +91-79-23236477 Website: www.gujpetronet.com, E-mail: investors.gspl@gspc.in
Pursuant to Clause 41 of the Listing Agreement, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Friday, the 7th August, 2015, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 30th June, 2015.
For Gujarat State Petronet Limited
sd/-
Company Secretary
Place: Gandhinagar
Date: 28th July, 2015

રક્તદાન - મહાદાન
ચક્ષુદાન - શ્રેષ્ઠદાન

સેકટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ પર મોજ-મસ્તીનો ખજાનો એટલે
ફોન : ૯૮૨૪૭૯૧૮૮૯
ફન પાર્ક
સમય : સાંજે ૫.૦૦ થી
સ્થળ : સેકટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ, વીટકોસ ડેપો પાસે, ગાંધીનગર.
પ્રવેશ ફી ફકત રૂ. ૧૦/- રાઈડ્સ રૂ. ૨૦/-
બાળકો માટે ખાસ રાઇડ્સનો આનંદ
ટોરાટોરા, જાયન્ટ વ્હીલ, ફીશબી, બ્રેક ડાન્સ તેમજ બીજી અન્ય રાઈડ્સ

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

SANGHI CEMENT
KisaN
ashirvad
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com